For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

જેને કારણે ચીનનું સસ્તું આયાન આયાત કરી શકાતું નહોતું તેવા

# યાર્નના QCO હટ્યા, ટેક્સટાઈલને રાહત




**QCO લગાડવાને કારણે યાર્ન તેમજ તેના રો-મટિરિયલ્સના ભાવો વધી ગયા હતા**

**હવે ફરી સસ્તું યાર્ન સરળતાથી આયાત કરવાનો માર્ગ ખૂલ્યો, ચેમ્બરે ફટાકડા ફોડ્યા**

સુરતઃ કેન્દ્ર સરકારે આખરે ત્રણ વર્ષ પછી યાર્ન અને યાર્નના બેઝિક રો મટિરિયલ્સ પરથી ક્વોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ હટાવી લેતા સુરતના કાપડ ઉદ્યોગમાં આનંદ છવાયો છે.આ નિર્ણયથી દેશમાં મેન મેડ ફાઈબર (MMF) આધારિત યાર્ન અને યાર્નના રો મટીરિયલ PTA,MEG ઉત્પાદન અને ઈમ્પોર્ટ કરવા પર લાગુ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) ના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર ઊઠી ગયા છે.આ નિર્ણયને પગલે હવે વિદેશથી 17 પ્રકારના સ્પેશ્યલાઈઝ યાર્ન, યાર્નનું રોમાટિરિયલ અને સુરતમાં પોલિએસ્ટર ફેબ્રિક ઉત્પાદન માટે જરૂરી સસ્તું અને સારું યાર્ન સરળતાથી ફરી ઈમ્પોર્ટ કરવાનો માર્ગ મોકલો થયો છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફિઆસ્વી અને ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલ્ફેર એસોસિએશન દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને પગલે આ નિર્ણય લેવાયો હતો. આ અંગે ચેમ્બરમાં પત્રકાર પરિષદને સંબોધતા ફોગવાના પ્રમુખ અને ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી ચેમ્બર, ફિઆસ્વી, ફોગવા અને વિવિંગ સંગઠનો BISના QCO રદ કરવા સતત કેન્દ્ર સરકારને રજૂઆત કરી રહીરહ્યા હતા. સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૩થી MMF ટેક્ષ્ટાઈલ્સના કી રો મટિરિયલ્સ PTA અને MEG ઉપર QCO ઓર્ડર લાગુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઓક્ટોબર- 2023 થી

...અનુસંધાન પાના 5 પર

## MMF ટેક્ષ્ટાઇલ્સના કી રો મટિરિયલ્સની 60% ખપત સુરતનો ટેક્સટાઇલ ઉદ્યોગ કરે છે: અશોક જીરાવાળા

ચેમ્બરમાં ઉપપ્રમુખ પ્રમુખ અશોક જીરાવાળાએ કહ્યું હતું કે, MMF ટેક્ષ્ટાઇલ્સનું આખા દેશમાં થતા કુલ ઉત્પાદનમાંથી 60 ટકા ઉત્પાદન માત્ર સુરતમાં થાય છે, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીની રાહબરી હેઠળ ચેમ્બરના ઉપપ્રમુખ તેમજ ફોગવાના પ્રમુખ અશોક જીરાવાળાએ ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ વિજય મેવાવાલા, માનદ્ મંત્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ ભરતભાઇ ગાંધી, ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સ કમિટીના ચેરમેન આશીષ ગુજરાતી અને ચેમ્બરની ટેક્ષ્ટાઇલ નીટિંગ કમિટીના એડવાઇઝર બ્રિજેશ ગોંડલિયા સાથે મળીને નવી દિલ્હી ખાતે રજૂઆતોનો દૌર શરૂ કર્યો હતો. આ તમામની મહેનત રંગ લાવી છે અને સતત રજૂઆતોને પરિણામે ભારત સરકારે ગતરોજ MMF ટેક્ષ્ટાઇલ્સના કી રો મટિરિયલ્સ પરથી QCO ને નાબૂદ કર્યો હતો.

### ઐતિહાસિક ઘટાડો: મધર યાર્નના ભાવમાં એક જ દિવસમાં કિલોએ 27 રૂપિયા ભાવ ઘટ્યા

MMF યાર્ન અને યાર્નના રોમટીરિયલ પરથી બ્યુરો ઓફ સ્ટેન્ડર્ડના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર રદ કરવાની જાહેરાત સાથે જ ડોમેસ્ટિક સ્પિનર્સ દ્વારા મધર યાર્નના ભાવમાં એક જ દિવસમાં કિલોએ 27 રૂપિયા ભાવ ઘટાડો જાહેર કર્યો હતો.137 રૂપિયા પ્રતિ કિલો યાર્નનાના ભાવ ઘટીને 110 રૂપિયા થઈ ગયા છે. કેટલાક પીઓવાય અને

...અનુસંધાન પાના 5 પર

### હવે કાપડ ઉદ્યોગમાં ચીનથી આયાત થતા 30% ક્વોલિટી યાર્નની ઊભી થયેલી અછત દૂર થશે: મયૂર ગોળવાલા

સચિન ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સેક્રેટરી અને અગ્રણી વિવર મયૂર ગોળવાલા એ જણાવ્યું હતું કે, BIS ના QCO લાગ્યા પછી સુરતના

...અનુસંધાન પાના 5 પર

### સુરતના કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપનારું પગલું, મશીનરી પર પણ BIS ન લાગે એ જોઈશું: ભરત ગાંધી

ભારત સરકારની ટેક્સટાઈલ કમિટીના સભ્ય અને ફિઆસવીના ચેરમેન ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી સુરતના હજારો એકમોને મોટી રાહત મળશે.

...અનુસંધાન પાના 5 પર




### સ્પેશ્યલાઇઝ યાર્નની અછત દૂર થશે: વિજય મેવાવાલા

ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને વિવર અગ્રણી વિજય મેવાવાલા એ જણાવ્યું હતું કે,આ નિર્ણયથી 17 પ્રકારના આયાતી સ્પેશ્યલાઈઝ યાર્ન જે ભારતમાં બનતા નથી એની અછત દૂર થશે,યાર્નની શોર્ટ ફોલ પૂરો થશે.ગારમેન્ટ ઉદ્યોગને પણ લાભ થશે.એક્સપોર્ટ અને રોજગારી વધશે.

### ગારમેન્ટ, ટેકનિકલ ટેક્સટાઈલને પણ લાભ થશે:આશિષ ગુજરાતી

ચેમ્બરમાં પૂર્વ પ્રમુખ અને પાંડેસરા વિવર્સ સોસાયટીના પ્રમુખ આશિષ ગુજરાતી એ જણાવ્યું હતું કે, QCO લાગ્યો એ પછી

...અનુસંધાન પાના 5 પર

અગાઉ એરપોર્ટથી પકડાવા છતાં ચીટરને કારણે

# સેટિંગ કરીને રાતોરાત છુટેલો જયમ સોનાણી આખરે પકડાયો

**અગાઉ સુરતમાં સીઆઇડી ક્રાઇમે જયમની ધરપકડ કરી હતી, પરંતુ ક્લબમાં બેસીને સેટીંગબાજી કરનારા મેષ રાશિના ઠગે તેને બચાવી લીધો હતો**

**ટોચના રાજકીય નેતાઓના નામે સીઆઇડી ક્રાઇમના પીઆઇને ધાક ધમકી આપનાર ચીટર હવે ઉઘાડો પડ્યાની ચર્ચા**

સુરતઃ લેબગ્રોન ડાયમંડમાં દોઢ મહિના પહેલા 49.96 કરોડની ઠગાઇની ફરિયાદ મહેશ અને જયમ સોનાણી પિતા પુત્ર સામે દાખલ કરવામા આવી હતી. આ ફરિયાદ બાદ સીઆઇડી ક્રાઇમ દ્વારા જયમને સુરત એરપોર્ટ પરથી પકડી પાડવામાં આવ્યા હતો. ત્યારે સુરતની એક ક્લબમાં પોલીસ અને નેતાઓને પોતાના ગજવે ઘાલીને ફરવાનો દાવો

...અનુસંધાન પાના 5 પર

### મેષ રાશિના ચીટરે કરોડોમાં સોપારી લઇ કાંડ કર્યો હોવાની ચર્ચા

સુરતની એક ક્લબમાં પોલીસ અધિકારીઓ સાથે ફોટા પડાવીને સેટીંગબાજીનું કામ કરી રહેલા મહાઠગે સોનાણીને એરપોર્ટ પરથી શહેરના રાજકીય નેતાના નામે ધાક ધમકી આપીને છોડાવ્યો હતો. આ આખો કાંડ દિલ્હી સુધી પહોંચ્યો હતો. મેષ રાષિના ઠગે પચાસ કરોડની આ ઠગાઇમાં કરોડોની સોપારી લઇને આ આખો કાંડ કર્યો હતો. અગાઉ પણ આ ચીટર આવી સેટીંગબાજી કરીને નાણાં પોલીસ અધિકારીઓને નહીં ચૂકવતા મોટો વિવાદ થયો હોવાની વિગતો ચર્ચામાં છે.

### જયમ સુરતથી બાય રોડ મુંબઈ પહોંચ્યો, ત્યાંથી વાયા દિલ્હી વિદેશ ભાગવાની ફિરાકમાં હતો

પચાસ કરોડની ઠગાઇનો કિસ્સો દબાવ્યા બાદ જયમ સોનાણી સુરતથી બાય રોડ મુંબઇ પહોંચ્યો હોવાની વાત છે. ત્યાંથી તે દિલ્હી એરપોર્ટ પરથી દેશ બહાર ભાગવાની પેરવી કરે તે પહેલા જ દિલ્હી એરપોર્ટ પર તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. સીઆઇડી ક્રાઇમને શંકા હતી કે કદાચ વધુ ચીટીંગના કેસ મહેશ અને જયમ સામે હોઈ શકે છે, તેથી તેઓએ ચૂપચાપ મહેશ અને જયમ સોનાણી સામે લૂક આઉટ નોટીસ ઇસ્યુ કરી હતી.

### સુરતના ચીટર ઠગે રાજકીય આગેવાનના નામે આ કેસમાં રોકડી કરી હતી

સુરત તથા ગુજરાતના ટોચના નેતા પોતાના ગજવામા છે, એવો જાંસો આપીને અધિકારીઓને ધમકીઓ આપનારા આ કુખ્યાત ચીટર, જેણે સોનાણી બાપ દીકરાઓને બચાવ્યા છે, તેની કાળી કરતૂતની ફરિયાદ સીઆઇડી ક્રાઇમમાં દાખલ કરવામા આવી છે. અશ્વનિકુમાર રોડ ખાતે રહેતા અંકુશ નાકરાણીએ જુસકો જનરલ ટ્રેડિંગ એલએલપી એશિયન ગ્રો ડાયમંડ કંપનીના નામે ફરિયાદ કરી હતી. વર્ષ 2021માં અંકુશભાઇને ડાયમ ટેક અને સોનાણી ઇન્ડસ્ટ્રીઝના ડિરેક્ટરો મહેશ સોનાણી તથા તેના પુત્ર જયમ અને અગતસ્યા સાથે

...અનુસંધાન પાના 5 પર

# પૈસા ફેંકો: અંકલેશ્વરમાં વેચાય છે રૂપિયા 15 હજારમાં માર્કશીટ!

**અંકલેશ્વર રોયલ એકેડમી કોમ્પ્યુટર ક્લાસિસમાં ચાલતું હતું કૌભાંડ**

**ભરૂચ SOGની કાર્યવાહી, ધો.10, 12 અને ITIની ડુપ્લિકેટ માર્કશીટ બનાવાતી હતી**

**જયેશ પ્રજાપતિ સામે કાર્યવાહી, 21 બોગસ માર્કશીટ, સર્ટિફિકેટ જપ્ત**

અંકલેશ્વર, ભરૂચઃ ભરૂચ જિલ્લાના અંકલેશ્વરના રોયલ એકેડેમી કોમ્પ્યુટર ક્લાસિસના સંચાલકે દેશવ્યાપી




ડુપ્લિકેટ માર્કશીટ કૌભાંડ આચરતાં ભરૂચ SOGએ દબોચી લીધો હતો.

અંકલેશ્વર શહેરમાં પેટ્રોલિંગમાં રહેલી SOG ટીમના સુરેશભાઈને જયેશ પ્રજાપતિ બોગસ માર્કશીટ અને સર્ટિફિકેટનો ગેરકાયદે ધંધો કરતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. હેપ્પી કોમ્પ્લેક્સમાં રોયલ એકેડમી કોમ્પ્યુટર ક્લાસિસની આડમાં ધો.10-12 અને ITIની ડુપ્લિકેટ માર્કશીટ, સર્ટિફિકેટ બનાવી આપતો હતો. ભરૂચ SOGએ માહિતીના આધારે જયેશ પ્રજાપતિના ક્લાસિસમાં દરોડો પાડ્યો હતો. ક્લાસિસમાંથી દિલ્હી બોર્ડ, ગાંધીનગર મહાત્મા ગાંધી વોકેશનલ ઈન્સ્ટિટ્યૂટ, વોકેશનલ ટ્રેનિંગ, સેકેન્ડરી સ્કૂલ એક્ઝામિનેશન સર્ટિફિકેટ, પ્રોવિઝનલ નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ, સાયન્સ, ITIની વિવિધ માર્કશીટ અને સર્ટિફિકેટ્સ મળી આવ્યાં હતાં. આરોપી બોગસ સર્ટિ. બનાવવાના 15 હજાર રૂપિયા લેતો હતો. જે દિલ્હીના કોઈ શખ્સ પાસે બનાવી તેને ઓનલાઇન રૂ.7500 પેમેન્ટ કરતો હતો. આરોપીની દેશવ્યાપી બોગસ માર્કશીટ કૌભાંડમાં ધરપકડ કરી 21 ડુપ્લિકેટ માર્કશીટ, કોમ્પ્યુટર, કલર પ્રિન્ટર, મોબાઈલ સાથે ધરપકડ કરાઈ હતી.

દિલ્હી બ્લાસ્ટ બાદ પોલીસે શહેરની સુરક્ષા વધારી

# સુરતમાં ટેક્નોલોજીથી સુરક્ષા, 1100 હિસ્ટ્રીશીટર પર AI કેમેરાથી દેખરેખ

**AI ટેક્નોલોજી આધારિત 1600 CCTV કેમેરા મારફતે 24 કલાક મોનિટરીંગ**

**હિસ્ટ્રીશીટર્સના ડેટા અપલોડ, અસામાન્ય હરકત સાથે જ પોલીસને તુરંત એલર્ટ મળી જશે**

સુરતઃ દિલ્હીમાં થયેલા કાર બ્લાસ્ટ બાદ સુરત શહેર પોલીસે સુરક્ષાની દૃષ્ટિએ ટેક્નોલોજી આધારિત સઘન પગલાં લીધાં છે. શહેરભરના મુખ્ય સ્થળો, જાહેર વિસ્તારો અને ઔદ્યોગિક ઝોનમાં AI આધારિત કેમેરાથી ગતિવિધિઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે. ખાસ કરીને શહેરના 1100 જેટલા હિસ્ટ્રીશીટરોનો ડેટા અપલોડ કરીને તેમની દરેક હરકત હવે AI સિસ્ટમ હેઠળ ઓટોમેટિક રીતે ટ્રેક થઈ રહી છે.

દિલ્હી બ્લાસ્ટ બાદ સુરત શહેર પોલીસ હાઈ એલર્ટ પર આવી ગઈ છે. શહેરના 1600થી વધુ CCTV કેમેરાના નેટવર્કને હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટેકનોલોજી સાથે સંકલિત

...અનુસંધાન પાના 5 પર

### 1100 હિસ્ટ્રીશીટરનો ડેટા અપલોડ

સુરત શહેરના 1100 જેટલા હિસ્ટ્રીશીટરોની માહિતી અને ફોટોગ્રાફિક રેકોર્ડિંગ AI સિસ્ટમમાં અપલોડ કરવામાં આવ્યા છે. જો આ વ્યક્તિઓમાંથી કોઈ શહેરના જાહેર સ્થળો કે સંવેદનશીલ વિસ્તારોમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરે, તો AI કેમેરા તરત એલર્ટ આપે છે. પોલીસને ઘટના બનતા પહેલાં જ માહિતી મળી જાય છે, જે ગુના નિવારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કમિશનર ગેહલોતના જણાવ્યા મુજબ, આ પગલું શહેરમાં "પ્રિવેન્ટિવ પોલિસિંગ" માટે એક મોટું હથિયાર સાબિત થઈ રહ્યું છે.

### હજીરાના ઔદ્યોગિક વિસ્તારમાં તકેદારી વધારાઈ, ખાનગી કેમેરા નેટવર્કનો પણ ઉપયોગ

હજીરાનો ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટ સુરતના આર્થિક માળખાનું હૃદય છે. સંવેદનશીલ વિસ્તાર તરીકે અહીં વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. AI આધારિત કેમેરા ઉપરાંત ઔદ્યોગિક એકમોના ખાનગી કેમેરા નેટવર્કનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. પોલીસે આ વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ શરૂ કર્યું છે. કોઈ પણ અણધારી ગતિવિધિ જણાય તો કંટ્રોલ રૂમ મારફતે તાત્કાલિક ટીમ મોકલવામાં આવે છે.

### "AI કેમેરાની આંખ" સામાન્ય માણસ અને ગુનેગારના તફાવતને ઝડપથી ઓળખી કાઢશે

સુરત શહેર હવે AI આધારિત સુરક્ષા સિસ્ટમથી સજ્જ બન્યું છે. પોલીસ દ્વારા લગાવવામાં આવેલા સ્માર્ટ કેમેરા કોઈ પણ ઓળખાયેલા હિસ્ટ્રીશીટરને સ્કેન કરી તેમની હરકત પર તરત એલર્ટ આપી શકે છે. દરેક કેમેરા ફેસ રિકગ્નિશન ટેકનોલોજીથી સજ્જ છે, જેનાથી સામાન્ય માણસ અને ગુનેગાર વચ્ચેનો તફાવત ઝડપથી ઓળખી શકાય છે. શહેરના મુખ્ય સ્થળો જેમ

...અનુસંધાન પાના 5 પર

સોપારી આપનાર પતિ તથા ફાયરિંગ કરનાર મિત્રના 7 દિવસના રિમાન્ડ

# પહેલા RFOની રેકી, બાદમાં પતિના મિત્રએ ફાયરિંગ કર્યું

**મહિલા RFOના પતિએ જીપીએસ ટ્રેકર લગાડીને તે ક્યાં જાય છે તેની રેકી કરી હતી**

**સોપારી લેનાર મિત્ર ઈશ્વરગિરીએ RFOની કાર રોકી હતી અને બાદમાં ગોળી મારી દીધી**

**પોલીસે નિકુંજ ગોસ્વામીની કાર કબ્જે કરી, પિસ્તોલ શોધવાની બાકી**

કામરેજઃ કામરેજના વાવ નજીક મહિલા પર ફાયરિંગની ઘટનામાં કોર્ટમાં હાજર થવા થયેલા ઓફિસરના આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર પતિ તેમજ તેના મિત્રને પોલીસે દબોચી લીધા બાદ ગુરુવારે સુરત કોર્ટમાં રજૂ કરી પોલીસે સાત દિવસનાં રિમાન્ડ મેળવ્યાં હતાં.

કામરેજના જોખા ગામમાં રહી સુરતના અડાજણ ખાતે વન

...અનુસંધાન પાના 5 પર



### 1000થી વધુ CCTV ફૂટેજ ચેક કરાયાં

આ ઘટનામાં સુરત જિલ્લા પોલીસે સાત ટીમ બનાવી જોખાથી નાસિક તેમજ સુરતથી નાસિક સુધીના અંદાજે 1000થી વધુ સીસીટીવી ફૂટેજ ચેક કર્યાં હતાં. બંને મહારાષ્ટ્રના નાસિક, ઈન્દોર, ભોપાલ, રાજસ્થાન થઈ અમદાવાદ ખાતે આવ્યા હતા.

### જીપીએસ ડિવાઈસ સુરતથી ખરીદાયું

મહિલા ફોરેસ્ટ ઓફિસર સોનલબેન સોલંકીની વેગન કારમાં જીપીએસ લગાવવામાં આવ્યું હતું. જે ચારથી પાંચ માસ અગાઉ નિકુંજે વન વિભાગની ઓફિસે લગાવ્યું હતું. જે જીપીએસ ડિવાઈસ સુરતથી જ ખરીદવામાં આવ્યું હતું.

### પોલીસે કયા કયા મુદ્દાઓ પર 14 દિવસના રિમાન્ડ માંગ્યા હતા ?

- ફાયરિંગની ઘટના પુર્વ નિયોજીત કાવતરૂ હોવાનુ જણાઇ આવેલ છે જેથી સદરહુ ગુનો કઇ રીતે આચરવામાં આવ્યો તેની સંપુર્ણ વિગત જાણવા માટે આરોપીઓની હાજરીની જરૂરીયાત છે.
- ફાયરિંગની ઘટનામાં આરોપી- ઇશ્વરપુરી ગોસ્વામીએ જેના દ્વારા ફાયર કરેલું ફાયર આર્મ્સ કબ્જે કરવાનુ બાકી હોય તથા ફાયર આર્મ ક્યાંથી લાવ્યો તે અંગે પુછપરછ કરવા માટે

...અનુસંધાન પાના 5 પર

# નેપાળમાં પર્વતારોહણ વખતે મોતને ભેટેલાં પિતા-પુત્રીને અંતિમ વિદાય

**એકસાથે અગ્નિદાહ આપતા જોઈ સ્મશાનયાત્રામાં જોડાયેલા તમામની આંખોમાં ભીની થઈ**

સુરત, બારડોલીઃ નેપાલ પર્વતારોહણ માટે ગયેલા કડોદ ગામનાં પિતા-પુત્રીના હિમવર્ષાને કારણે બરફમાં દટાઈ જવાતી મોત

...અનુસંધાન પાના 5 પર



## શ્રી અમદાવાદ દશા શ્રીમાળી જૈન અવસાન



### સ્વ. નિપુણાબેન દિનેશભાઈ ઝવેરી

જન્મ તા.૨૩/૦૪/૧૯૪૩ - સ્વ. તા.૧૩/૧૧/૨૦૨૫

સખેદ જણાવવાનું કે અમારા સ્વજન **શ્રીમતી નિપુણાબેન દિનેશભાઈ ઝવેરી** તા.૧૩/૧૧/૨૦૨૫ ને ગુરૂવારના રોજ અવસાન પામ્યા છે. તેઓની અંતિમયાત્રા આજ રોજ ૧૪/૧૧/૨૦૨૫ ના સવારે ૧૦.૩૦ કલાકે તેમના નિવાસસ્થાન ૧૮, મસ્કતી પ્લોટ વિભાગ–૨, પાર્લે પોઈન્ટ થી નિકળી રામનાથઘેલા સ્મશાનભુમી જશે...

:: સદ્‌ગતનું બેસણું ::
તા.૧૫/૧૧/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન ભરતિયા એજ્યુકેશન કેમ્પસ, શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડરોડ, સુરત–૩૯૫૦૦૧ ખાતે રાખેલ છે.

લિ.
**દિનેશભાઈ સોમચંદ ઝવેરી**
કુસુમભાઈ સોમચંદ ગાંધી — ત્રિશુલાબેન કુસુમભાઈ ગાંધી
હેતલ દિનેશભાઈ ઝવેરી — પાયલ હેતલ ઝવેરી
પ્રેમલ દિનેશભાઈ ઝવેરી — ઝુલા પ્રેમલ ઝવેરી
આનંદ દિનેશભાઈ ઝવેરી — પૂજા આનંદ ઝવેરી
ભૌમિત - પૂજા, આયુષી - ગૌરવ, બિનોલી, ધૃવિ - પ્રાંજલ, ચાશી, મેહાલી, યશ

**એશીયન ટેક્ષટાઈલ્સ**

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

## ક્ષત્રિય દુઃખદ અવસાન



**સ્વ. સુરેશચંદ્ર મગનલાલ ચેવલી**
જન્મ તા. ૨૬-૦૩-૧૯૪૯
સ્વ. તા. ૧૩-૧૧-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી શ્રીમાન સુરેશચંદ્ર મગનલાલ ચેવલીનું દુઃખદ અવસાન કારતક વદ નોમને ગુરૂવાર તા. ૧૩-૧૧-૨૦૨૫ ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૪-૧૧-૨૦૨૫ના રોજ સવારે ૯ થી ૧૧ ના સમયે કાશીબા ભવન સીંગાપુરીની વાડી માં રાખેલ છે.

લિ.
સ્વ. જ્યોત્સનાબેન સુરેશચંદ્ર ચેવલી
અતીત સુરેશચંદ્ર ચેવલી (પુત્ર) — દિવ્યા અતીત ચેવલી (પુત્રવધુ)
જય સુરેશચંદ્ર ચેવલી (પુત્ર) — કાજલ જય ચેવલી (પુત્રવધુ)
તનુષ અતીત ચેવલી (પૌત્ર) — વ્રિપ્તિ અતીત ચેવલી (પૌત્રી)
દેવાંશ જય ચેવલી (પૌત્ર) — દેવાંશી જય ચેવલી (પૌત્રી)
તથા સમસ્ત ચેવલી પરીવાર
ફોન. નં. : 89804 30524, 84602 76462

## પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ




સ્વ. રણછોડભાઈ સુખાભાઈ પટેલ (માસ્તર)
સ્વ.તા.૧૪/૧૧/૨૦૨૪
(હજીરા)

તમે જીવનભર મહેનત કરીને શૂન્યમાંથી સર્જન કર્યું, ધૂપસળીની જેમ જીવન જીવી સુગંધ ફેલાવી, કર્મ એ જ ધર્મ સમજી કાંટા સહન કરી કુટુંબ માટે ફૂલો પાથર્યા, પ્રેમ અને વાત્સલ્ય આપ્યા, વડલાની જેમ છાયા આપી, વ્યવહાર કદી ચૂકયા નહીં, જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા, આપનો આનંદીત સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શીરૂપે અમારી સાથે રહેશે. ગુરૂદેવ પરમાત્મા આપની દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ અભ્યર્થના...

લિ.
નરેશકુમાર રણછોડભાઈ પટેલ
ભાવનાબેન એન. પટેલ
સોહમ એન. પટેલ
સૃષ્ટિ એન. પટેલ
સ્પૃહા
તથા સમસ્ત પરિવારના જય ગુરૂદેવ

## ૨૭ મી પૂણ્યતિથિએ ભાવભીની સ્મારણાંજલિ



**સ્વ. સુખાભાઈ પ્રેમાભાઈ આહીર**
સ્વ. તા. ૧૪-૧૧-૧૯૯૮

લિ.
જગદીશ સુખાભાઈ આહીર (પુત્ર)
નરેશ સુખાભાઈ આહીર (પુત્ર)
હસમુખ સુખાભાઈ આહીર (પુત્ર)
સંજય સુખાભાઈ આહીર (પુત્ર)
અનમોલ, સાવન, ધવલ, સ્મિત, રચિત, દેવ (પૌત્ર),
અદિતિ (પૌત્રી),
તથા સમસ્ત આહીર પરિવાર